ચૂંટણી ચોતરેથી

● સંખેડાના કોંગ્રેસી ઉમેદવાર ધીરૂભાઈ ભીલ ઉમેદવારોના જંગી કાફલા સાથે ફોર્મ ભરવા પહોંચ્યા હતા.

● ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે ટીકીટ ન મેળવનાર કેટલાક કાર્યકર્તાઓ અશોક ગેહલોત વિરૂદ્ધ ફરિયાદ કરવા દિલ્હી દોડી ગયા છે.

● પહેલા ભાજપમાં જોડાયેલા-પછી છેડોફાડનાર નિખિલ સવાણીએ અમદાવાદમાં પ્રેસ કોન્ફરન્સ કરી સુરતના મુકેશ પટેલ પર મારી નાંખવાની ધમકી આપવાનો આરોપ લગાવ્યો હતો. વરૂણ પટેલ અને રેશ્મા પટેલનો બચાવ કર્યો હતો.

● પાદરાના ભાજપના ધારાસભ્ય દિનેશ પટેલે ગઈકાલે ફોર્મ ભર્યુ હતુ. જેમાં તેમણે પોતાની સંપત્તિ ૫૩.૦૩ કરોડની દર્શાવી છે. આંકડાઓ મુજબ દિનેશ પટેલની સંપતિમાં દર વર્ષે ૨ કરોડનો વધારો જોવા મળે છે.

● જસદણ ભાજપના ઉમેદવાર ભરત બોઘરા અને પાસના કન્વીનર સુનિલ ખોખરીયા વચ્ચે કાર્યાલય ખોલવા બાબતે બોલાચાલી અને મારામારી થઈ હતી.

● હાર્દિકે કોંગ્રેસને ટેકો જાહેર કરતા રાજકોટમાં પાટીદારોએ તેના પૂતળાનુંદહન કરી વિરોધ વ્યક્ત કર્યો હતો.

● આગામી ૧૪મી ડિસેમ્બરે યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં ૧૦૦ ટકા મતદાનના લક્ષ્યાંકને પૂરો કરવા માટે ચૂંટણીતંત્ર દ્વારા બહુમાળીભવન ખાતે મતદાનની તારીખ લખેલુ વિશાળ બલૂન મુકવામાં આવ્યુ છે.

● કામરેજ વિધાનસભા બેઠક પર કોંગ્રેસના બે ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે. નીલેશ કુંભાણી તથા અશોક જીરાવાલાએ કામરેજ બેઠક પરથી કોંગ્રેસી ઉમેદવાર તરીકે ફોર્મ ભરતા અનેક તર્ક-વિતર્કો થયા છે.

● રાજકોટ પૂર્વની બેઠક કોંગ્રેસે જેડીયુને ફાળવી હોવાની વાત ફેલાતા સ્થાનિક રાજકારણ ગરમાયુ હતુ. આ બેઠક પર કોંગ્રેસે પાટીદાર નેતા મિતુલ દોંગાને ટીકીટ આપી છે.

સવાણીનો આક્ષેપ : મારી પણ સીડી બહાર પડી શકે છે

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી હવે કોંગેસ ભાજપ વચ્ચે નહિ પણ ભાજપ અને પાસ વચ્ચેની ચૂંટણી બની રહી છે. ત્યારે પૂર્વ પાસ લીડર નિખિલ સવાણીએ અમદાવાદમાં મીડિયાને જણાવ્યું હતું કે તેણે પાસમાંથી જયારે ભાજપમાં જોઈન્ટ કર્યુંત્યારે તેને ગેરમાર્ગેદોરવામાંઆવ્યો હતોઅનેહવેતેને ભાજપના નજીકના બિલ્ડર મુકેશ પટેલે તેને ધમકી આપી છે કે જો તે હાર્દિક પટેલ વિરુધ પ્રચાર નહિ કરે તો તેની પણ સીડી રિલીઝ કરવામાંઆવશે.

૮૯ બેઠક માટે ૫૯ પક્ષોએ ઝૂકાવ્યું, ૭૮૮ અપક્ષો પણ મેદાને પડયા

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કામાં કુલ ૮૯ બેઠક માટે ઉમેદવારી નોંધાવવાની કામગીરી પૂરી થઈ ગઈ છે. પ્રથમ તબક્કા માટે કુલ ૧૭૦૩ ઉમેદવારોએ ઉમેદવારીપત્ર ભર્યા છે અને જેમાંથી ૭૮૮ અપક્ષનો સમાવેશ થાય છે.

રાષ્ટ્રીય પક્ષના કુલ ૫૨૩ ઉમેદવારોએ દાવેદારી નોંધાવી છે. ભાજપ અને કોંગ્રેસે તકેદારીના ભાગરૂપે એક-એક બેઠક પર બે થી ત્રણ ડમી ઉમેદવાર પણ ઊભા રાખ્યા છે. જેમાં ભાજપના ૧૯૩, કોંગ્રેસના ૧૯૬ ઉમેદવારોએ ઉમેદવારીપત્ર ભર્યાનો પણ સમાવેશ થાય છે.

રાષ્ટ્રીય પક્ષના કુલ ૫૨૩ ઉમેદવારોએ દાવેદારી નોંધાવી છે. ભાજપ અને કોંગ્રેસે તકેદારીના ભાગરૂપે એક-એક બેઠક પર બે થી ત્રણ ડમી ઉમેદવાર પણ ઊભા રાખ્યા છે. જેમાં ભાજપના ૧૯૩, કોંગ્રેસના ૧૯૬ ઉમેદવારોએ ઉમેદવારીપત્ર ભર્યાનો પણ સમાવેશ થાય છે.

કોંગ્રેસના ૧૯૬ ઉમેદવારોએ ઉમેદવારીપત્ર ભર્યાનો પણ સમાવેશ થાય છે. હવે આગામી દિવસોમાં આ ડમી ઉમેદવારો પોતાના ફોર્મ પાછા ખેંચવાનું શરૂ કરશે.

પ્રથમ તબક્કામાં સુરત જિલ્લાના લિંબાયત વિધાનસભા બેઠકમાંથી સૌથી વધુ ૪૨, જ્યારે નવસારી જિલ્લાના ગણદેવીમાંથી સૌથી ઓછા પાંચ ઉમેદવારી ફોર્મ ભરાયા છે. ૨૨ નવેમ્બરથી ચૂંટણી અધિકારીઓદ્વારા ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ઉમેદવારો ૨૪ નવેમ્બર સુધી પોતાના ફોર્મ પાછા ખેંચી શકશે. પ્રથમ તબક્કા માટે ઉમેદવારી નોંધાવવા માટેની અંતિમ તારીખ ૨૧ નવેમ્બર હતી.

રસપ્રદ વાત એ છે કે ૨૦ નવેમ્બર સુધી કુલ ૪૩૩ ઉમેદવારો દ્વારા ઉમેદવારી ફોર્મ ભરવામાં આવ્યા હતા. ૨૧ નવેમ્બરના અંતિમ દિવસે અધધધ ૧૨૧૫ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. જેમાં સુરતમાંથી સૌથી વધુ ૨૪૬, રાજકોટમાંથી ૧૧૬, કચ્છમાંથી ૧૫૪ ઉમેદવારોએ દાવેદારી નોંધાવેલી છે. હવે આગામી દિવસોમાં કેટલાક ઉમેદવારો ફોર્મ પાછું ખેંચશે. જેના લીધે પ્રથમ તબક્કામાં ૧૩૦૦ની આસપાસ ઉમેદવારો વચ્ચે મુકાબલો જોવા મળી શકે છે.

કયા પક્ષમાંથી કેટલા ઉમેદવાર?

પક્ષ	ઉમેદવાર
ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ	૧૯૬
ભારતીય જનતા પાર્ટી	૧૯૩
બહુજન સમાજ પાર્ટી	૮૭
નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી	૪૪
આમ આદમી પાર્ટી	૩૬
શિવસેના	૨૮
જનતા દળ (યુ)	૨૭
સમાજવાદી પાર્ટી	૦૫
સીપીઆઈ	૦૨
અપક્ષ	૭૮૮
કુલ	૧૭૦૩

પ્રથમ તબક્કો : હાલની સ્થિતિમાં કયા જિલ્લામાંથી કેટલા ઉમેદવાર ?

જિલ્લો	ઉમેદવાર		
કચ્છ	૧૫૪	અમરેલી	૪૮
સુરેન્દ્રનગર	૧૩૨	ભાવનગર	૧૦૩
મોરબી	૪૬	બોટાદ	૫૯
રાજકોટ	૧૫૮	નર્મદા	૩૨
જામનગર	૧૦૩	ભરૂચ	૧૦૦
દેવભૂમિ દ્વારકા	૩૩	સુરત	૨૪૭
પોરબંદર	૩૩	તાપી	૨૧
જૂનાગઢ	૮૫	ડાંગ	૧૧
ગીર સોમનાથ	૭૦	નવસારી	૫૮
		વલસાડ	૭૩

દલિત કેન્દ્ર જઈ ત્રિરંગો સ્વિકારશે રાહુલ ગાંધી, વિજય રૂપાણીએ ત્રિરંગો લેવાનો કર્યો હતો ઈનકાર

કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ગુજરાતના તખ્તની જંગ પર જીત મેળવવા તમામ સંભવ પ્રયત્નો કરી રહ્યા છે. ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી તેમની યાત્રાઓને જંગી સમર્થન પણ મળતુ જોવા મળ્યું છે. રાહુલ ગાંધી એક વાર ફરી શુક્રવારે ચૂંટણી જંગમાં કોંગ્રેસની પક્કડ મજબુત કરવાવા જઈ રહ્યા છે.

બે દિવસના પોતાના પ્રવાસમાં આ વખતે દલિત શક્તિ કેન્દ્રનો પણ પ્રવાસ તેઓ ખેડશે અને રાષ્ટ્રીય ધ્વજને સન્માન સાથે સ્વીકારશે. સાથે જ ભારતને છૂત-અછૂતની કુપ્રથાથી મુક્ત કરવાની શપથ લેશે. ઉલ્લેખનીય છે કે આ શક્તિ કેન્દ્ર પર વિજય રુપાણીને રાષ્ટ્રીય ધ્વજ અપાયો હતો પણ તેમણે સ્વીકર કરવાની ના પાડી હતી.

દલિત શક્તિ કેન્દ્ર દ્વારા એક પ્રેસ રિલિઝમાં જાહેર કર્યા મુજબ, ભારતનો સૌથી મોટો રાષ્ટ્રીય ધ્વજ છે, જે ૧૨૫ ફૂટ પહોળો અને ૮૩.૩ ફૂટ ઊંચો છે. એક સમયે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રુપાણીને સોંપાવાનો હતો અને તેમણે બાબાસાહેબ આંબેડકરે જે રીતે છૂત-અછૂત પ્રથાને ખત્મ કરવાના પગલા લીધા તે રીતે પ્રયાસ કરવાનું કહેવાયું હતું.

આ રજૂઆત પર ગુજરાતના મુખ્યમંત્રી અને ગાંધીનગર કલેક્ટ્રેટના અધિકારીઓએ કહ્યું કે તેમની પાસે રાષ્ટ્રીય ધ્વર રાખવાની યોગ્ય જગ્યા નથી તેથી મુખ્યમંત્રી આ ધ્વજને લઈ શકશે નહીં.

શક્તિ કેન્દ્રએ આગળ કહ્યું કે, રાહુલ ગાંધી શુક્રવારે ગુજરાતના દલિત શક્તિ કેન્દ્ર પર આવશે. રાહુલ આ કેન્દ્રથી ભારતના નાગરિકો તરફથી સન્માન સાથે રાષ્ટ્રીય ધ્વજને સ્વીકારશે અને દેશને છૂત-અછૂતથી મુક્ત કરવાનું વચન આપશે. કહેવાયું છે કે, એક રાજનેતા હોવાને પગલે રાહુલ ગાંધીનું આ પગલું એક ઐતિહાસિક પગલું મનાશે અને આ એ લોકો સામેની લડાઈ છે જે એન્ટી-નેશ્નલિઝમને ઉકશાવે છે અને રાષ્ટ્રીય સન્માનનું અપમાન કરે છે.

ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં ૭ ટકા દલિત મતદાર છે, રાજ્યની ૧૮૨ સીટોમાંથી ૧૩ સીટ અનુસુચિત જાતિ માટે આરક્ષિત છે. ગુજરાતમાં દલિત મતદારો પર બીજેપીની પક્કડ મજબુત માનવામાં આવે છે. ૨૦૧૨ની વિધાનસભા ચૂંટણીમાં આ ૧૩ સીટોમાંથી ૧૦ સીટો પર ભાજપનું કમળ ખીલ્યું હતું જ્યારે ૩ સીટ જ કોંગ્રેસ પાસે રહી હતી.

રાહુલ રાજ્યના દલિત મતદારોને રિઝવવાના પુરા પ્રયત્નો કરી રહ્યા છે. ગુજરાતમાં દલિત નેતા જિગ્નેશ મેવાણી સાથે પણ તેમણે મુલાકાત કરી હતી અન જિગ્નેશનું સમર્થન મળતા રાહુલ શક્તિ કેન્દ્રનો પ્રવાસ ખેડી રહ્યા છે. આ યાત્રાના બહાને રાહુલ ગાંધીની ગુજારત ભાજપની દલિત વોટબેન્કને તોડવાની પુરે પુરી કોશીશ છે.

અમદાવાદના ઉમેદવારોની પસંદગી કોંગ્રેસ હાઈકમાન્ડ માટે બની માથાનો દુઃખાવો

અમદાવાદ ગુજરાતનું આર્થિક પાટનગર તો છે, પરંતુ રાજ્યના રાજકારણનું એપી સેન્ટર પણ છે. વિધાનસભાની છેલ્લી કેટલીક ચૂંટણીથી અમદાવાદની સોળ બેઠક પર ભાજપનું વર્ચસ્વ રહ્યું છે. છેલ્લી ૨૦૧૨ની ચૂંટણીમાં પણ કોંગ્રેસને અમદાવાદમાંથી માત્ર બે બેઠક મળી હતી. પ્રત્યેક ચૂંટણીમાં અમદાવાદના ઉમેદવારોની પસંદગી કોંગ્રેસ હાઈકમાન્ડ માટે માથાનું દુખાવો બની છે. આ વખતે પણ પસંદગીની ખેંચતાણ સોમવાર સુધી ચાલી શકે છે.

શહેરની સોળ બેઠક પૈકી દરિયાપુર અને દાણીલીમડા બેઠક પરથી ૨૦૧૨ની ચૂંટણીમાં કોંગ્રેસની જીત થઈ હતી તેમાં પણ દરિયાપુરની બેઠક તો કોંગ્રેસે માંડ ૨૬૨૧ મતની સરસાઈથી હાંસલ કરી હતી. જમાલપુર-ખાડિયાની બેઠક પક્ષે આંતરિક ડખાના કારણે ગુમાવી હતી.

આ ચૂંટણીમાં પણ જમાલપુર-ખાડિયાની બેઠકે પક્ષમાં ભારે કકળાટ સર્જ્યો છે. પક્ષના કેન્દ્રીય નેતા ગુલામનબી આઝાદનું ગઈ કાલ રાતથી અમદાવાદમાં થયેલું આગમન શહેર કોંગ્રેસમાં વ્યાપ્ત અસંતોષને ડામવા માટેના અભિયાનને આગળ ધપાવવાના હિસ્સા તરીકે ગણાવતાં પ્રદેશ કોંગ્રેસનાં સૂત્રો કહે છે અત્યારે જે પ્રકારે શહેરની બાપુનગર, જમાલપુર, ખાડિયા, દરિયાપુર જેવી છ-સાત બેઠક માટે કોંગ્રેસમાં કકળાટ ફેલાયો છે તેને જોતાં એક પણ દાવેદાર એક પણ બેઠક માટે નિશ્ચિત નથી.

કોંગ્રેસમાં છેલ્લી ઘડીએ મેન્ડેન્ટ અપાતા હોવાનું ઉદાહરણ આપતાં આ સૂત્રો વધુમાં કહે છે, ૨૦૦૭ની ચૂંટણીમાં કાલુપુર બેઠક પરથી ફારુક શેખ અને શાહપુર બેઠક પરથી ગ્યાસુદીન શેખ ચૂંટાઈ આવ્યા હતા, પરંતુ છેલ્લી ૨૦૧૨ની ચૂંટણીમાં નવા સીમાંકન બાદની દરિયાપુરની બેઠકની ટિકિટ મેળવવા ફારુક શેખ અને ગ્યાસુદ્દીન શેખ વચ્ચે ભારે ખેંચતાણ થઈ હતી, જેના કારણે ઉમેદવારીપત્ર ભરવાના છેલ્લા દિવસના બપોરના ત્રણ વાગ્યા સુધીના સમયના માત્ર બે કલાક પહેલાં કોંગ્રેસનો મેન્ડેટ ગ્યાસુદ્દીન શેખને અપાયો હતો.

આ સંજોગોને જોતાં વિવાદાસ્પદ બેઠકના મેન્ડેટ સોમવાર તા.૨૭ નવેમ્બરના બપોરે ૧૨ કે ૧ વાગ્યે જે તે ઉમેદવારને અપાય તેવી પણ પ્રબળ શકયતા છે. આ ઉપરાંત ટિકિટ ન મેળવનાર નારાજ દાવેદારો ટોળા લઈને પ્રદેશ કાર્યાલયમાં ઘૂસી જઈને તોડફોડ મચાવતા હોઈ આ બાબતથી પણ હાઈકમાન્ડ ચિંતિત છે. આ ચૂંટણીમાં આવી સંભવિત તોડફોડની ઘટના કોંગ્રેસના 'આશાસ્પદ ચિત્ર' માટે કાળા ધબ્બા સમાન બની શકે તેમ હોઈ પ્રદેશના ટોચના નેતાઓએ અત્યારથી ડેમેજ કંટ્રોલ માટેના પ્રયાસ આરંભી દીધા છે.

ચૂંટણી અધિકારીના મનસ્વી વલણે બાપુની જનવિકલ્પના પાંચ ઉમેદવારો ચૂંટણી લડતા અટકાવ્યા : સમીર ત્રિવેદી

ઓલ ઈન્ડિયા હિન્દુસ્તાન કોંગ્રેસ પાર્ટીના પ્રવક્તા સમીર ત્રિવેદીએ જણાવ્યું હતું કે, આગામી ૯ અને ૧૪ ડિસેમ્બરે બે તબક્કામાં યોજનારી ગુજરાત વિધાનસભા ચૂંટણી માટે તબક્કા ૧ માટેના ઉમેદવારોના ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૨ નવેમ્બર હતી. અને ૨૧ અને ૨૨ નવેમ્બર દરમિયાન ગુજરાતના ચૂંટણીપંચે દરેક ક્ષેત્રમાં ચૂંટણી અધિકારીઓની નિમણૂંક કરી હતી. તે દરમિયાન તબક્કા ૧ માટે શંકરસિંહ વાઘેલા દ્વારા તેમના પક્ષ વતી આશરે ૭૦ ઉમેદવારોને મેદાનમાં ઉતારવાની જાહેરાત કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ચૂંટણી અધિકારીઓની ફરજમાં આવે છે કે દરેક પક્ષ તેમજ અપક્ષ ઉમેદવારોના ફોર્મ સ્વીકારતા સમયે તટસ્થ અને નિષ્પક્ષ રહીને ફોર્મનો સ્વીકાર, સુધારણા તેમજ ઉમેદવારની રજૂઆત કે વિનંતી યોગ્ય જણાતાં તેમાં તબદીલી કરવામાં સહાયતા કરતા હોય છે. બાપુના ઉમેદવારોને વિવિધ ચૂંટણી અધિકારીઓ દ્વારા કરવામાં આવેલી કનડગત અને તેની સામે એવા જ પ્રકારની ભૂલ અન્ય ઉમેદવાર દ્વારા કરાતાં પક્ષપાત રાખીને તેમને કરાયેલી સહાયતા અત્રે છતી થઈ હોવાનું ધ્યાને આવ્યું છે. આવા કિસ્સાઓ નીચે વર્ણવવામાં આવ્યા છે:

૧ તા. ૨૧મી નવેમ્બરના રોજ સુરત કતારગામના ઉમેદવાર રમેશભાઈ હિશોરીયા ફોર્મ ભરવા ગયા હતા. ફોર્મમાં ટેકેદારના નામની સામે લખેલા ક્રમાંક નંબરની નાની અમથી ભૂલને કારણે ફોર્મ રદ કરી દેવામાં આવ્યું. રીટનલ્ગ ઓફિસરે ક્રમાંક બદલવાનો ઈન્કાર કરીને જણાવ્યું કે ઉમેદવારનું ફોર્મ રદ કરી દીધું. નિર્ણય લઈ લીધો છે, તેમાં કંઈ બદલાશે નહીં. જ્યારે ફોર્મ સ્વીકારવામાં ૨૪ કલાક બાકી હોવા છતાં ફોર્મનો અસ્વીકાર કરીને આવા મનસ્વી નિર્ણય લેવા બદલ સમગ્ર પક્ષમાં રોષની લાગણી વ્યાપી જવા પામી હતી. તેની સામે આવા જ કિસ્સામાં રાજકોટના કોંગ્રેસના ઉમેદવાર ઈન્દ્રનીલ રાજ્યગુરૂ તા. ૨૧ નવેમ્બરે ફોર્મ ભરવા ગયા હતા, તેમના સોગંદનામામાં ભૂલ હોવાથી ચૂંટણી અધિકારીએ ફોર્મનો સ્વીકાર તો કર્યો પરંતુ સોગંદનામું તા. ૨૨ નવેમ્બરે સ્વીકારીને ફોર્મને મંજૂરી આપવામાં આવી હતી.

૨ છેલ્લી તારીખથી અગાઉના જ દિવસે એટલે કે તા. ૨૧મી નવેમ્બરે સુરત પૂર્વ વિસ્તારમાં ફોર્મ ભરવા ગયેલા ઉમેદવાર વસંત જરીવાલાનું ફોર્મ સ્વીકારવાનો ઈન્કાર, ફોર્મ ઓકે નથી, રીજેક્ટ થઈ જશે એવા કારણો જણાવવામાં આવ્યા. ૨૪ કલાક બાકી હોવા છતાં પણ ઉમેદવારને ફોર્મમાં કે સોગંદનામામાં તબદીલી કરવાની તક ન આપતાં તાત્કાલિક રીજેક્ટ કરીને ઉમેદવારને રવાના કર્યા. છેલ્લી તારીખ માટે ૧ દિવસ હોવા છતાં પણ અગાઉના દિવસે જ ફોર્મ રીજેક્ટ કરીને ડિપોઝીટ લેવાનો ઈનકાર કરી દીધો. આવા જ કિસ્સામાં ઈન્દ્રનીલ રાજ્યગુરૂના સોગંદનામામાં છેલ્લા દિવસથી અગાઉના દિવસે જ ભૂલ હોવાથી રીટનલ્ગ ઓફિસરે બીજા દિવસે બદલાવ કરીને લાવવા સૂચવ્યું હતું, શું સુરતના ચૂંટણી અધિકારી આવી પ્રક્રિયા ન કરી શકત? સુરત પૂર્વમાં ભાજપાના અરવિંદ રાણાને ફોર્મમાં હા-ના જેવા જવાબની ભૂલ બદલ પાછા બોલાવીને ફેરફાર કરાવી શકે તો તે જ વોર્ડના જન વિકલ્પના ઉમેદવારને આવી તક શા માટે આપવામાં આવી નહીં?

અમિત શાહ : યુવા નેતા ભાજપમાં કિંગ મેકર બની ગયા, નંબર-૨ના સ્થાને છે

અમિત શાહ- ૨૨ ઓક્ટોબર ૧૯૬૪માં જન્મેલી આ વ્યક્તિને સ્વપ્રેય કલ્પના નહીં હોય કે તેઓ ભાજપમાં સર્વેસર્વા બની રહેશે. અમદાવાદના સરખેજ મત વિસ્તારમાંથી પ્રથમવાર તેઓ ૧૯૯૭ના બાય ઈલેક્શનમાં ચૂંટાઈ આવ્યા હતા. ત્યારબાદ તેઓ ૧૯૯૮, ૨૦૦૨ અને ૨૦૦૭માં વિધાનસભાના સભ્ય બન્યા છે. શરૂઆતથી જ તેઓ નરેન્દ્ર મોદીના સાથીદાર રહ્યાં છે. ડિલીમિટેશન પછી તેમણે તેમનો મતવિસ્તાર બદલીને નારણપુરા કર્યો હતો અને તેઓ ૨૦૧૨માં વિધાનસભાની ચૂંટણી જીત્યા હતા.

અમિત શાહને ૨૦૧૪માં લોકસભાની ચૂંટણીની જવાબદારી સોંપવામાં આવી હતી અને તેમણે ઉત્તરપ્રદેશની ચૂંટણીના પ્રચારની કમાન સંભાળી હતી. તેમના નેતૃત્વમાં ભાજપે ૮૦ માંથી ૭૩ બેઠકોમાં જીત હાંસલ કરી હતી જે ભાજપને ભૂતકાળમાં ક્યારેય મળી નથી. આ પરિણામ સ્વરૂપે પાર્ટીએ તેમને જૂન ૨૦૧૪માં રાષ્ટ્રીય પ્રમુખ પદે બેસાડ્યા છે. તેમના નેતૃત્વમાં પાર્ટીએ મહારાષ્ટ્ર, હરિયાણા, જમ્મુ એન્ડ કાશ્મિર, ઝારખંડ અને આસામ વિધાનસભામાં જીત હાંસલ કરી છે.

અમિત શાહની પોલિટીકલ કેરિયર સંઘ પરિવારથી શરૂ થઈ છે. ૧૯૮૩માં તેઓ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ સાથે સંકળાયેલા હતા, ત્યારબાદ તેઓએ ૧૯૮૬માં ભાજપ જોઈન્ટ કર્યું હતું. ભારતીય યુવા મોરચાના તેઓ સભ્ય રહી ચૂક્યાં છે. નરેન્દ્ર મોદીના મિશન કોંગ્રેસ મુક્ત ગુજરાતમાં અમિત શાહનું સૌથી મોટું પ્રદાન છે. અમિત શાહ પોલિટીક્સ ઉપરાંત સહકારી ક્ષેત્રે પણ નિષ્ણાંત છે. ગુજરાતમાં ધીમે ધીમે બધી સહકારી સંસ્થાઓ તેમણે કબજે કરી લીધી છે.

અમિત શાહની સૌથી મોટી ઉપલબ્ધી એ છે કે તેઓ ૨૦૦૭ની ચૂંટણીમાં સરખેજ મતવિસ્તારમાંથી ૧.૫૮ લાખ મતોની સરસાઈથી જીત્યા હતા જે ગુજરાતના તમામ કેન્ડિડેટમાં વિક્રમ હતો. નરેન્દ્ર મોદી ગુજરાતમાં મુખ્યમંત્રી હતા ત્યારે અમિત શાહ ગૃહ સહિતના બાર પોર્ટફોલિયો સંભાળતા હતા. પોલીસ એન્કાઉન્ટરના કેસોમાં અમિત શાહને કેન્દ્રની યુપીએ સરકારે ફસાવી દીધા હતા તે તેમનો સૌથી મોટો સેડબેક હતો, પરંતુ તેઓ જ્યારે બહાર આવ્યા ત્યારે બમણી તાકાત સાથે કોંગ્રેસને નામશેષ કરવામાં અગ્ર રહ્યાં છે. તેઓ ૯મી જુલાઈએ ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ બન્યા છે.

જો કે તેમના ટેન્યોરમાં ભાજપે દિલ્હી અને બિહારની વિધાનસભા ગુમાવી છે. આ બન્નેની ચૂંટણી અનુક્રમે ૨૦૧૫ અને ૨૦૧૭માં થઈ હતી. જો કે આ હાર પછી બમણાં જોરથી અમિત શાહે પાર્ટી માટે પ્રચાર અને પ્રસાર કર્યો પરિણામે નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં તેમણે ઉત્તરપ્રદેશમાં ઐતિહાસિક જીત હાંસલ કરી છે. એ સાથે ઉત્તરાખંડનો વિજય એ અમિત શાહને આભારી છે. પંજાબને બાદ કરતાં બાકીના બે રાજ્યો કે જ્યાં તાજેતરમાં ચૂંટણી થઈ છે તે મણીપુર અને ગોવામાં ભાજપ બહુમતથી છેટું હોવા છતાં બન્ને જગ્યાએ ભાજપને સત્તા અપાવી છે.

અમિત શાહના માથે હવે ગુજરાતની વિધાનસભાની ચૂંટણી અને ત્યારબાદ ૨૦૧૯માં આવી રહેલી લોકસભાની ચૂંટણીની જવાબદારી છે. હાલ તેઓ ચૂંટણીને ધ્યાને લઈ રાજ્યોના પ્રવાસ કરી રહ્યાં છે. ભાજપને મતદારોનો જ્યાં ટેકો મળ્યો નથી તે રાજ્યોમાં ભાજપનો વ્યાપ વધારવા અને જીત હાંસલ કરવાની તેમની નેમ છે. અમિત શાહ કહે છે કે- મારે ભાજપને આખા દેશમાં જોવું છે. દેશના તમામ રાજ્યોમાં ભાજપનું કમળ લહેરાય તે મારી ખ્વાઈશ છે.

શાહે લોકસભા ક્ષેત્રોમાં સંખ્યા અનુસાર પાર્ટી તરફથી પૂર્ણ સમયના લોકોની નિયુક્તિની પ્રક્રિયા શરુ કરી દીધી છે. સાથે જ સુપરવાઈઝર તરીકે અન્ય કેટલાક કાર્યકર્તાઓની નિયુક્તિ કરાશે. અમિત શાહ પણ બૂથ સ્તરની તૈયારી ઉપર નજર રાખતા રહેશે. એ ઉપરાંત પાર્ટીની યોજના પ્રમાણે લોકસભા ક્ષેત્રમાં ૬૦૦ પૂર્ણસમયના કાર્યકરોની નિયુક્તિ પણ કરશે, જે ૨૦૧૯ સુધી લોકસભા ચૂંટણીમાં મતોની ગણતરી સુધી સતત પાર્ટીનું કામ કરશે.

૨૦૧૯ની લોકસભા પહેલાં ગુજરાત સહિત પાંચ રાજ્યોમાં આવી રહેલી ચૂંટણીની તૈયારી ઉપર અમિત શાહ સીધી નજર રાખશે. તેઓ પાંચ રાજ્યોને અલગ કરીને તેના બુથ કક્ષાના મેનેજમેન્ટ ઉપર નજર રાખશે. આ પાંચ રાજ્યોમાં ગુજરાત, ઓડિશા, તેલંગાણા, લક્ષદ્વીપ અને પશ્ચિમ બંગાળ છે. આ પાંચ રાજ્યોમાં અમિત શાહ ૧૫ દિવસ રહીને તમામ કામગીરી હાથ ધરશે. પાર્ટી પ્રમુખ તરીકે અમિત શાહ દેશવ્યાપી પ્રવાસ કરી રહ્યા છે અને સંગઠન સ્તરે પાર્ટીની તૈયારી ઉપર નજર રાખી રહ્યા છે. સંગઠનના કામ અંગે અમિત શાહ દેસભરમાં ૧૧૦ દિવસોનો પ્રવાસ કરશે. ઉત્તરપ્રદેશમાં મળેલી ભાજપની ઐતિહાસિક જીતને જોતાં આ પ્રવાસને ખૂબ જ મહત્વનો ગણવામાં આવે છે.

ભાજપના ઉચ્ચસ્તરીય સૂત્રોએ જણાવ્યું હતું કે પ્રત્યેક લોકસભા ક્ષેત્રમાં એક ફૂલટાઈમર હોય એમ ૫૪૩ પૂર્ણ સમયના કાર્યકર્તાની નિયુક્તિ કરાશે. ૬૦૦ ફૂલટાઈમર્સમાંથી બાકી રહેશે તે તમામની નબળા લોકસભા મત વિસ્તારોમાં નિયુક્તિ કરાશે. ૩૧મી મે ના રોજ તેઓ ગુજરાત આવી રહ્યાં છે. તેમણે વિસ્તારકો દ્વારા રાજ્યના ૪૮૦૦૦ બુથ સુધી જનસંપર્ક કરવાનું નક્કી કર્યું છે. આ બૂથમાં વિસ્તારકો કેન્દ્ર અને રાજ્યની વિવિધ યોજનાઓ સહિત ભાજપનો ડોર ટુ ડોર પ્રચાર કરશે. અમિત શાહનો ટારગેટ છે કે તેઓ સોશ્યલ મિડીયા દ્વારા રાજ્યભરમાં ગ્રુપ બનાવીને ૨૫ લાખથી વધુ લોકોને યોજનાબદ્ધ રીતે જોડશે.

રાષ્ટ્રીય અધ્યક્ષે આખા ભારતમાં કમળને ખિલવવાનું લક્ષ્ય નક્કી કર્યું છે
૨૦૧૯ની લોકસભા ચૂંટણી માટે અત્યારથી જ શરૂઆત કરી દીધી છે
૧૯૯૭માં પ્રથમવાર બાય ઇલેક્શનમાં સરખેજ બેઠકથી ચૂંટાઇને આવ્યા હતા